સ્પોર્ટ્સ ફિવર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

## કાંખઘોડીથી કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર સુધી :

# મુરલી શ્રીશંકરની અસાધારણ બીજી ઈનિંગ




બે વર્ષ પહેલાં, મુરલી શ્રીશંકરની કારકિર્દીને ખતરામાં મૂકનારી ઈજા બાદ તેની સારવાર કરી રહેલા સર્જનોએ તેને કહ્યું હતું કે, લોંગ જમ્પમાં ભાગ લેવાની વાત તો દૂર રહી, તે કદાચ ફરી ક્યારેય દોડી પણ નહીં શકે. એપ્રિલ 2024માં પાલક્કાડ ખાતે એક રૂટીન ટ્રેનિંગ સેશન દરમિયાન બનેલી એક દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં તેના પુત્રના ડાબા ઘૂંટણની પૅટેલર ટેન્ડન ફાટી જતાં પિતા એસ. મુરલી ખૂબ ડરી ગયા હતા. મેડલ ભૂલી જાઓ. 8 મીટરના જમ્પ ભૂલી જાઓ. 2024ની પેરિસ ઓલિમ્પિક્સ પણ ભૂલી જાઓ. ભારતના આ અગ્રણી લોંગ જમ્પરના પિતા અને કોચ માત્ર એવું ઈચ્છતા હતા કે તેમનો પુત્ર કાંખ ઘોડી વગર ફરીથી એક સામાન્ય માણસની જેમ ચાલતો થઈ જાય.

પોતાના પુત્રના ઘૂંટણની ગંભીર ઈજા પછીના મુશ્કેલ દિવસોને યાદ કરતાં એસ મુરલીએ કહ્યું, હું માત્ર એ જ ઈચ્છતો હતો કે તે કાંખ ઘોડી છોડી દે અને સામાન્ય માણસની જેમ ચાલે. બુધવારે, એ બધી યાદો ભૂતકાળ બની ગઈ હોય તેવું લાગતું હતું, જ્યારે શ્રીશંકર કૉમનવેલ્થ ગેમ્સના પોડિયમ પર પોતાના સતત બીજા સિલ્વર મેડલ સાથે ઊભો હતો. બર્મિંઘમમાં રનર-અપ રહ્યાના ચાર વર્ષ પછી, 27 વર્ષીય આ એથલીટે 8.09 મીટરની છલાંગ લગાવીને પોતાની એવી વાપસી કરી જેને બહુ ઓછા લોકો શક્ય માનતા હતા, અને આ કમબેક બાદ પોતાનો પહેલો ઈન્ટરનેશનલ મેડલ જીત્યો.

ટુ ધ પોઈન્ટ

એસ મુરલીએ કહ્યું, તેનું પાછા ફરવું અને માત્ર સ્પર્ધા જ નહીં પરંતુ મેડલ જીતવો એ એક ચમત્કાર છે. આવી ઈજા પછી બીજું કોઈ આવું ન કરી શક્યું હોત. ઈજા બાદ સર્જરી કરાવવી પડી હતી, જે પછી મહિનાઓ સુધી ચાલેલી રિહેબિલિટેશન પ્રક્રિયાને કારણે તે 2024ની આખી સીઝનમાંથી બહાર થઈ ગયો હતો., જેમાં પેરિસમાં તેમનું ઓલિમ્પિક્સ ડેબ્યુ પણ સામેલ હતું.

650 થી વધુ દિવસો સુધી તે કોઈ સ્પર્ધામાં ભાગ લઈ શક્યો નહોતો. સાજા થવાની પ્રક્રિયા પોતે જ નાની-નાની જીતની શ્રેણી જેવી હતી. તેના પિતાએ કહ્યું, તેણે ધીમે ધીમે કૂદવાનું શરૂ કર્યું. એક વર્ષ પછી, એપ્રિલ 2025માં તેણે ત્રણ મીટરનો જમ્પ લગાવ્યો હતો. હું તેને જોઈ શકતો નહોતો. હું બહુ ડરી ગયો હતો. દરેક લેન્ડિંગ મને યાદ અપાવતું હતું કે આ કમબેક કેટલું નાજુક હતું. દરેક ટ્રેનિંગ સેશન અનિશ્ચિતતાથી ભરેલું હતું. પરંતુ મુરલીને પોતાના પુત્રના દઢ મનોબળ પર ક્યારેય શંકા નહોતી. તે માનસિક રીતે ખૂબ મજબૂત છે. શિવની જેમ, તેણે માત્ર પોતાના કમબેક પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. જોકે, શ્રીશંકર આને અલગ દૃષ્ટિકોણથી જોવાનું પસંદ કરે છે. તે કહે છે કે હું એવું નહીં કહું કે આ ચમત્કાર હતો. પરંતુ હા, હું મારા દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે પાછો ફર્યો છે. તેનો મને આનંદ અને આભાર છે.

તેણે આ મેડલ એવા દરેક વ્યક્તિને સમર્પિત કર્યો જેમણે તેની કારકિર્દીના સૌથી મુશ્કેલ તબક્કામાં તેનો સાથ આપ્યો હતો. આ મેડલ એ દરેક વ્યક્તિ માટે છે જેણે છેલ્લા બે વર્ષમાં મારા મુશ્કેલ સમયમાં મને સપોર્ટ કર્યો. અને એવા દરેક વ્યક્તિ માટે છે જેમણે કહ્યું હતું કે હું મારી કારકિર્દીમાં ક્યારેય ફરીથી જમ્પ નહીં કરી શકું... આ તમારા માટે છે.

કમબેકની સાથે જે બાબતે સૌથી વધુ પ્રભાવિત કર્યા છે તે છે તેમની સાતત્યતા. શ્રીશંકરે આ સીઝનની દરેક સ્પર્ધામાં 8 મીટરની સરહદ પાર કરી છે. ગ્લાસગોમાં, 8.09 મીટરના જમ્પ સાથે તેમણે જમૈકાના ત્રણ વખતના વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલિસ્ટ તાજે ગેલ પાછળ રહીને સિલ્વર મેડલ જીત્યો. તેઓ જાણીતા દક્ષિણ આફ્રિકન સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ વેઈન લોમ્બાર્ડ સાથે કામ કરી રહ્યા છે, જેણે ભૂતકાળમાં ભારતીય હોકી ખેલાડીઓ સાથે કામ કરેલું છે.

મારી ટીમમાં ડૉ. વેઈન લોમ્બાર્ડ પણ છે. તેઓ એક એવા માર્ગદર્શક છે જે મારા માટે પરિસ્થિતિ બદલી નાખે છે. તેમનું ઈનપુટ ખૂબ જ અદ્ભુત અને શાનદાર રહ્યું છે. તેઓ આ સાતત્યતાનો શ્રેય પોતાના શરીરને પહેલા કરતાં વધુ સારી રીતે સમજવાને આપે છે. તેણે કહ્યું, હું પહેલાની સરખામણીમાં મારા શરીરને ઘણું વધારે સમજવા લાગ્યો છું. અત્યારે પણ, હું દરેક વખતે પૂર્ણ ક્ષમતા સાથે ટ્રેનિંગ નથી કરી શકતો. મારે ટ્રેનિંગનું વોલ્યુમ ખૂબ કાળજીપૂર્વક વધારવું પડે છે અને તે મુજબ તેની તીવ્રતાને મેનેજ કરવી પડે છે. તેમની દિનચર્યા સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. દરેક દિવસ માટે ખૂબ જ પ્લાનિંગ અને સ્ટ્રેટેજી બનાવવી પડે છે. હું જાગું ત્યારથી લઈને સૂઈ જાઉં ત્યાં સુધી દરેક વસ્તુ ખૂબ જ કાળજીપૂર્વક પ્લાન કરવી પડે છે. તેમણે કહ્યું, સર્જરીથી રીપેર થયેલા ટેન્ડન સાથે જમ્પ મારવો એટલો સરળ નથી.

મારા ટેન્ડન પર ત્રણ એન્કર સ્ક્રૂ છે. અને મારા ઘૂંટણની નીકેપની આસપાસ એક વાયર છે જે મારા ટેન્ડનને પકડી રાખે છે. તેથી મારે તેનું ધ્યાન રાખવું પડે છે અને તે મુજબ જ ટ્રેનિંગ લેવી પડે છે. તેમના ઘૂંટણની અંદરની ધાતુ તે જે પરિસ્થિતિમાંથી પસાર થયો છે તેની કાયમી યાદ અપાવે છે.

> **2024માં રૂટીન ટ્રેનિંગ દરમિયાન કેરિયર સામે જોખમ ઊભુ કરનારી ઇજા પછી તેના સર્જનોએ કહ્યું હતું કે લોંગ જમ્પમાં ભાગ લેવાનું તો દૂર તે કદાચ ક્યારેય દોડી પણ નહીં શકે અને આ સ્થિતિમાંથી આજે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર જીતીને મુરલી શ્રીશંકરે સાબિત કરી દીધું છે કે મનથી વિચારો તો કોઇ જીત તમારાથી દૂર નથી**

### ગ્લાસગોની કઠિન પરિસ્થિતિઓમાં ટીમ વર્ક કામ લાગ્યું

ઈજામાંથી સાજા થવું એ જો એક પડકાર હતો, તો ગ્લાસગોના હવામાનમાં ઢળવું એ બીજો પડકાર હતો. સતત વરસાદ, જોરદાર પવન અને નીચું તાપમાન - એ પરિસ્થિતિઓથી સાવ અલગ હતું જે ભારતીય એથલીટોએ થોડા અઠવાડિયા પહેલા ભુવનેશ્વરમાં નેશનલ ઈન્ટર-સ્ટેટ ચેમ્પિયનશિપ દરમિયાન ગરમ અને ભેજવાળા વાતાવરણમાં અનુભવી હતી. એકલપંડે રસ્તો શોધવાને બદલે, ભારતીય એથલીટોએ એકબીજાના અનુભવોનો સહારો લીધો. શ્રીશંકરે કહ્યું, સર્વેશ (કુશારે) ભાઈ, ટીજે (તેજસ્વિન શંકર) અને તેજસ (શિરસે) અમે બધા ડિનર વખતે બેસીને ચર્ચા કરી રહ્યા હતા કે અમે અહીંની પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરી શકીએ. ભારતમાં, ગયા મહિને ભુવનેશ્વરમાં વાતાવરણ ગરમ અને ભેજવાળું હતું. તે અહીંના વાતાવરણ કરતાં તદ્દન વિપરીત છે. સર્વેશ ભાઈએ મને સ્લીપિંગ બેગ અને થર્મોસ ફ્લાસ્ક સાથે રાખવા કહ્યું. તેમણે જ મને સ્લીપિંગ બેગ અને તમામ જેકેટ આપ્યા હતા. તેમણે સાથી જમ્પર તેજસ્વિન શંકરની પણ સલાહ લીધી હતી, ખાસ કરીને એક દિવસ પહેલાં હાઈ જમ્પર પૂજા સિંહને વરસાદમાં સંઘર્ષ કરતી જોયા પછી. હું ટીજે પાસેથી આ કપરી પરિસ્થિતિઓ વિશે જાણકારી લઈ રહ્યો હતો. ગઈકાલે ખરેખર ભારે વરસાદ હતો અને પૂજાને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.




# સીમા કાલીરામન

## સંધિવા સામે લડીને બ્રોન્ઝ મેડલ જીતનારી એથ્લેટ

માતૃત્વ પછી રમત ક્ષેત્રે વાપસી કરવી એ કોઈપણ રમતવીર માટે સૌથી મુશ્કેલ પડકારોમાંનો એક માનવામાં આવે છે, પરંતુ ભારતીય ડિસ્કસ થ્રોઅર અને કોમનવેલ્થ ગેમ્સની બ્રોન્ઝ મેડલિસ્ટ સીમા કાલીરામન માટે, વાસ્તવિક સંઘર્ષ માતા બન્યા પછી શરૂ થયો. 2022માં તેના પુત્ર રુદ્રને જન્મ આપ્યાના થોડા અઠવાડિયા પછી, સીમાને ગંભીર સંધિવા થયો. આ રોગે તેના સાંધાઓને અસર કરી, કે જે એક ડિસ્કસ થ્રોઅર માટે મોટી સમસ્યા બની શકે તેવી હતી. એક કિલોગ્રામ ડિસ્કસ ફેંકવાની વાત તો દૂર રોજિંદી વસ્તુઓ ઉપાડવી મુશ્કેલ બની ગઈ, તે તેના માટે એક પડકાર હતો. જોકે, ચાર વર્ષ પછી કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતીને તેણે પોતાનો દઢ નિશ્ચય દર્શાવ્યો.

27 વર્ષીય ખેલાડીએ ગ્લાસગોમાં મેડલ જીત્યા પછી કહ્યું હતું કે મને ગર્ભાવસ્થા પછી સંધિવા થયો, જેના કારણે ઘણી સમસ્યાઓ થઈ. વાપસીની તેની સફર સરળ નહોતી. આ મુશ્કેલ સમયગાળા દરમિયાન તેના પતિ, રવિન્દર કાલીરામન પણ તેના કોચ બન્યા. રવિન્દર પોતે એક રાષ્ટ્રીય ચેમ્પિયન છે, જેની કારકિર્દી ઈજાઓને કારણે અકાળે સમાપ્ત થઈ ગઈ. રવિન્દરે કહ્યું, અમને આ રોગ વિશે કોઈ જાણકારી નહોતી. અમે ઘણું સંશોધન કર્યું અને આયુર્વેદનો પણ આશરો લીધો, કારણ કે તેનો કોઈ કાયમી ઈલાજ નથી, ફક્ત વ્યવસ્થાપન છે. બીમારીને દૂર કરવા માટે, સીમા અને રવિન્દરે જીવનશૈલી અને આહારમાં નોંધપાત્ર ફેરફાર કર્યા. રવિન્દરે સમજાવ્યું, તેણે આમલી અને લીંબુ જેવા ખાટા ખોરાક ટાળવા પડ્યા. તેણે તેના આહારમાં ફાયદાકારક ખોરાકનો સમાવેશ કર્યો. તેને તેના બધા સાંધામાં દુખાવો થતો હતો.

ઓફ ધ ટ્રેક

તે કંઈપણ ઉપાડી પણ શકતી ન હતી, પરંતુ ધીમે ધીમે તેણે ફરીથી પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું. આ પ્રગતિ મીટરમાં નહીં, પરંતુ નાના પગલામાં માપવામાં આવી હતી.

માતૃત્વ પહેલાં, સીમાનું શ્રેષ્ઠ પ્રદર્શન 48.08 મીટર હતું. તે 2024માં સ્પર્ધાત્મક રમતોમાં પાછી ફરી અને આ વર્ષે ભારતીય ચેમ્પિયનશિપમાં 59.73 મીટરનું વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. તેણે ગ્લાસગોમાં 58.65 મીટરના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. તેની શારીરિક તંદુરસ્તી પર કામ કરવાની સાથે, સીમા ભિવાનીની ચૌધરી બંસી લાલ યુનિવર્સિટીમાંથી શારીરિક શિક્ષણમાં પીએચડી પણ ચાલુ રાખી છે. તેણે કહ્યું, મારું સંશોધન પણ 'કલ્પના અને અભિવ્યક્તિ' પર આધારિત છે. તે રમતવીરના પ્રદર્શનને સકારાત્મક અને નકારાત્મક વિચારસરણી કેવી રીતે અસર કરે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માતૃત્વએ રમતની બહાર પણ તેનું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. સીમાએ કહ્યું, મારો દીકરો હવે મોટો થઈ રહ્યો છે. તે અમારી સાથે રહેવા માંગે છે. તે ખૂબ જ મુશ્કેલ છે. સ્કોટલેન્ડ જતા પહેલા, તેના દીકરા રુદ્રની ફક્ત એક જ વિનંતી હતી. તેણે કહ્યું, મમ્મી, મને મેડલ લાવી આપો.' તે તેનું સૌથી મોટું રમકડું છે, સીમા સ્મિત સાથે કહે છે. માજી બાસ્કેટબોલ ખેલાડી અને ભાલા ફેંક એથ્લેટની પુત્રી, સીમા રમતગમત, સંશોધન અને માતૃત્વની જવાબદારીઓ નિભાવે છે, જેણે ભારતીય સેનામાં સેવા આપી હતી. આ હોવા છતાં, તેની પાસે હજુ પણ સરકારી નોકરી નથી.

> **ગ્લાસ્ગો કોમનવેલ્થ ગેમ્સના ડિસ્કસ થ્રોમાં બ્રોન્ઝ મેડલ જીતનારી સીમાનો વાસ્તવિક સંઘર્ષ 2022માં માતા બન્યા પછી શરૂ થયો અને સંધિવાએ તેની તૈયારીઓ પર મોટી અસર પાડી છતાં આ બધા સામે લડીને તે આજે CWG મેડલિસ્ટ બની છે.**



સ્પેશિયલ

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને પહેલો ગોલ્ડ અપાવી ઈતિહાસ રચનારી અસ્મિતાની કથા અનેરી

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય જુડોકા અસ્મિતા ડેએ દેશને આ ગેમ્સમાં પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો ત્યારે ગોલ્ડ મેડલ જીતવાના સમાચાર તે જેને સૌથી પહેલા આપવા માગતી હતી તે વ્યક્તિ એવા તેના પિતા હયાત નહોતા. અસ્મિતાના પિતાનું સાત મહિના પહેલા બ્રેઈન સ્ટ્રોકથી અવસાન થયું હતું. ત્રિપુરાના એક નાનકડા ગામમાં સાયકલ મિકેનિક પિતાની પુત્રી અસ્મિતાનો પરિવાર માટીના ઘરમાં રહે છે અને તેના માટે આવું કોઈ પણ સ્વપ્ન જોવું એ ઘણી મોટી વાત હતી. 23 વર્ષીય અસ્મિતાએ કોમનવેલ્થ ગેમ્સમાં જ્યારે મહિલાઓની 48 કિગ્રા અંડર-વજન કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય જુડો ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો, ત્યારે આ મેડલ જેટલો તેનો હતો તેટલો જ તેના પિતાનો પણ હતો. અસ્મિતાએ મેડલ જીત્યા પછી લાગણીશીલ સ્વરે કહ્યું કે જ્યારે મારા પિતાનું અવસાન થયું, ત્યારે મને લાગ્યું કે બધું જ ખતમ થઈ ગયું કારણ કે તેઓ મારો સૌથી મોટો ટેકો હતા, એક ક્ષણ માટે, ઉજવણીઓનું સ્થાન તે માણસની યાદોએ લઈ લીધું જેણે તેના સ્વપ્નને પોષ્યું હતું. અસ્મિતા કહે છે કે હું ત્રિપુરાના એક નાના ગામથી આવું છું. ત્યાંના લોકો એટલા મોટા સપના જોતા નથી, પરંતુ મારા પિતાએ હંમેશા મને ટેકો આપ્યો. પરિવારની આર્થિક સ્થિતિ નબળી હતી. તેના પિતા સાયકલ રિપેર કરીને દરરોજ લગભગ 300 રૂપિયા કમાતા હતા, જેનાથી ઘરનો ખર્ચો ચાલતો હતો. પરિવાર એક સાદા માટીના ઘરમાં રહેતો હતો, પરંતુ તેમણે ક્યારેય આર્થિક મુશ્કેલીઓને તેમની પુત્રીના રમતના માર્ગમાં અવરોધ ન બનવા દીધી. જ્યારે ઘૂંટણની ઈજાને કારણે અસ્મિતાની કારકિર્દી જોખમમાં હતી, ત્યારે તેના પિતા તેને સારવાર માટે દિલ્હી લાવ્યા, દવાઓ ખરીદી અને શક્ય તેટલી મદદ કરી.ગયા વર્ષે ડિસેમ્બરમાં તેના પિતાના અચાનક મૃત્યુથી અસ્મિતા ખૂબ જ ભાંગી પડી. તેને લાગ્યું કે તેનો સૌથી મોટો આધાર અને તેનું સ્વપ્ન અદશ્ય થઈ ગયું છે.પરંતુ તેની માતાએ તેના પતિની જગ્યાએ જવાબદારી સંભાળી. અંતિમ સંસ્કારના માત્ર 10 દિવસ પછી, તેણે અસ્મિતાને તાલીમ ફરી શરૂ કરવા વિનંતી કરતા કહ્યું કે જો હું આજે તને રોકીશ, તો તારા પિતા વિચારશે કે મેં તારા સપના તોડી નાખ્યા. આ પછી, અસ્મિતા પોતાનો સામાન લઈને ભોપાલમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સેન્ટર પરત ફરી. કોમનવેલ્થ ગેમ્સ પહેલા તે ખૂબ જ તણાવમાં હતી અને ઘણી રાતો સુધી સૂઈ શકી ન હતી. તેણીએ કહ્યું કે તે સતત મુકાબલા વિશે વિચારતી અને મેડલ જીતતા પહેલા પ્રેક્ટિસ કરવા માટે સવારે 5:30 વાગ્યે ઉઠતી. ગ્લાસગો પહોંચ્યા પછી પણ તેનો ડર ઓછો થયો નહીં. તેણીએ કહ્યું, હું વિચારી રહી હતી કે શું થશે. મારા મનમાં ફક્ત એટલું જ હતું કે મારે બધાને હરાવીને જીતવું છે. તેનો દઢ નિશ્ચય એટલો મજબૂત હતો કે તેણે તેની પ્રિય મીઠાઈ, લવંગલાટા પણ ખાધી નહીં. તેના ભાઈએ ખરીદેલી મીઠાઈઓ ઘરે રેફ્રિજરેટરમાં જ રહી ગઈ. તેણે હસીને કહ્યું કે તેને ઘણી વાર તે ખાવાની લાલચ થઈ હતી, પણ પછી તેણે પોતાને રોકી હતી.

> **સાત મહિના પહેલા પિતાને ગુમાવનારી ત્રિપુરાના નાનકડા ગામના ગરીબ પરિવારની અસ્મિતાના માટે તેના પિતા જ સૌથી મોટો ટેકો હતા અને તેમના નિધનથી તેના માટે બધુ જ ખતમ થઇ ગયું જેવી સ્થિતિ સર્જાવા છતાં આજે તેણે CWGમાં ગોલ્ડ જીતીને પિતાનું જ નહીં પણ દેશનું સ્વપ્ન પુરુ કર્યું છે**

## ગ્લાસગો CWG : બોક્સિંગની સુવર્ણ સફળતા અને જુડોના દમદાર પ્રદર્શનથી ભારતનો મજબૂત દેખાવ

પરંપરાગત રીતે મેડલ અપાવતી કેટલીક રમતોની ગેરહાજરી છતાં, ભારતે ધારણાઓથી વિશેષ પ્રદર્શન કરીને 2026ની કોમનવેલ્થ ગેમ્સમાં ચાર ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. બોક્સિંગમાં રેકોર્ડબ્રેક પ્રદર્શન, જુડોમાં ઐતિહાસિક સફળતા અને પેરા-એથ્લેટ્સના અદ્ભુત પ્રદર્શનના દમ પર ભારતે 39 મેડલ સાથે ચોથું સ્થાન હાંસલ કર્યું છે. ગેમ્સમાં રમતોની સંખ્યા ઘટાડીને માત્ર 10 કરી દેવામાં આવી હતી, જેમાં કુશ્તી (રેસલિંગ), શૂટિંગ, બેડમિન્ટન અને હોકી જેવી રમતોને બહાર રાખવામાં આવી હતી. આ કારણે ગેમ્સ શરૂ થતા પહેલા ભારત ટોપ-5માં સ્થાન મેળવશે કે કેમ તે અંગે અશાંતિ અને અસ્પષ્ટતા હતી. જોકે, 122 સભ્યોના ભારતીય દળે 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ મેડલ જીતીને સાબિત કરી દીધું કે દેશની રમતગમતની ક્ષમતા હવે માત્ર જૂની જાણીતી રમતો પૂરતી સીમિત નથી રહી.




**બોક્સિંગમાં સુવર્ણ સફળતા**

બોક્સિંગે સફળતાનું નેતૃત્વ કર્યું. ભારતીય મુક્કાબાજોએ કોમનવેલ્થ ગેમ્સનું તેમનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા રેકોર્ડ 7 ગોલ્ડ મેડલ સહિત કુલ 10 મેડલ પોતાના નામે કર્યા. મહિલા બોક્સરોએ અપેક્ષા મુજબનું પ્રદર્શન કર્યું, તો સાથે જ પુરુષ બોક્સરોએ પણ સતત સારું પ્રદર્શન કરીને ગ્લાસગોમાં બોક્સિંગને ભારત માટે સૌથી સફળ રમત બનાવી દીધી. જોકે, આ પ્રદર્શનને ચોક્કસ સંદર્ભમાં જોવું જરૂરી છે. યુરોપિયન અને સેન્ટ્રલ એશિયન દેશોની ગેરહાજરીના કારણે અહીં ઓલિમ્પિક્સ કે વર્લ્ડ ચેમ્પિયનશિપ જેવી આકરી સ્પર્ધા નહોતી. તેમ છતાં, ભારતે આ તકનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો.

**પેરા સ્પોર્ટ્સમાં સતત સુધારો**

પેરા સ્પોર્ટ્સમાં પણ સુધારાનો આ ગ્રાફ ઊંચો જતો રહ્યો. પાવરલિફ્ટિંગથી લઈને એથ્લેટિક્સ સુધી, ભારતીય પેરા-એથ્લેટોએ ફરી એકવાર સાબિત કર્યું કે પેરાલિમ્પિક્સમાં તેમની સફળતા કોઈ આકસ્મિક ઘટના નહોતી. વિવિધ શાખાઓમાં મળેલા મેડલ દેશના મજબૂત થઈ રહેલા પેરા સ્પોર્ટ્સ પ્રોગ્રામની સાક્ષી પૂરે છે.

**એથ્લેટિક્સઃ આશા અને પડકારોનું મિશ્રણ**

એથ્લેટિક્સમાં ભારતનું પ્રદર્શન મિશ્ર રહ્યું. ઈજામાંથી પુનરાગમન કરી રહેલા ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો અને અન્ય કેટલાક મેડલના દાવેદારો અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા નહીં. તેમ છતાં, આ રમતમાં ભારતે કેટલાક અત્યંત યાદગાર પ્રદર્શનો પણ જોયા. તેજસ્વિન શંકરે હાઈ જમ્પ અભિયાનનો અંત લાવનારી ઘૂંટણની ઈજામાંથી બહાર આવીને ડેકાથલોનમાં મેડલ જીત્યો. ગુલવીર સિંહ લાંબા અંતરની દોડમાં દમદાર પ્રદર્શન કરીને ભારતનો એકમાત્ર ડબલ મેડાલિસ્ટ બન્યો, જ્યારે મુરલી શ્રીશંકરે લાંબા સમયની ઈજા બાદ વાપસી કરીને વધુ એક કોમનવેલ્થ સિલ્વર મેડલ પોતાના નામે કર્યો.

> **માત્ર 10 રમતો સુધી મર્યાદિત કરી દેવાયેલી ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય રમતવીરોએ 13 ગોલ્ડ સહિત 39 મેડડલ જીતીને ચોથુ સ્થાન મેળવી એ સાબિત કરી દીધું છે કે ભારતનો મેડલ જીતવાનો આધાર હવે વધુ વ્યાપક બની રહ્યો છે**

**વેઇટલિફ્ટિંગ અને અન્ય રમતો**

વેઈટલિફ્ટિંગ, જે ભારત માટે હંમેશા નિર્ભર રહેવા જેવી રમત રહી છે, તે આ વખતે થોડી શાંત રહી. ચાર વર્ષ પહેલાં બર્મિંઘમમાં 3 ગોલ્ડ સહિત 10 મેડલ જીતનાર વેઈટલિફ્ટરો આ વખતે 8 મેડલ જીતી શક્યા, જેમાં મીરાબાઈ ચાનુએ અપાવેલો માત્ર એક ગોલ્ડ મેડલ સામેલ હતો. અગાઉના એન્ટી-ડોપિંગ નિયમોના કારણે ટીમની સંખ્યા ઘટાડવામાં આવી હોવા છતાં, ટીમે સન્માનજનક પ્રદર્શન કર્યું પરંતુ તે પોતાના જ ઉચ્ચ ધોરણોથી થોડું પાછળ રહી ગયું. બીજી તરફ કેટલીક નિરાશાઓ પણ સાંપડી. લૉન બોલ્સની ટીમ બર્મિંઘમમાં જીતેલા ઐતિહાસિક ગોલ્ડ અને સિલ્વરના પ્રદર્શનને દોહરાવી શકી નહીં, જ્યારે સાયકલિંગ અને સ્વિમિંગમાં હજુ પણ સફળતાની શોધ ચાલુ છે. એથ્લેટિક્સને પણ ચોક્કસપણે એવું લાગશે કે તેણે મેડલની સંખ્યા વધારવાની કેટલીક તકો ગુમાવી દીધી.

**2030 તરફ મજબૂત કદમ**

ભારતનું એકંદર પ્રદર્શન સૂચવે છે કે તેની મેડલ મેળવવાની આશાઓ હવે માત્ર અમુક ચોક્કસ રમતો પર જ આધારિત નથી રહી. કુશ્તી અને અન્ય રમતોની ગેરહાજરીથી મેડલની સંખ્યા ઘટી શકતી હતી, પરંતુ તેની જગ્યાએ બોક્સિંગે અભૂતપૂર્વ સફળતા અપાવી, જુડો એક નવી મેડલ-વિનિંગ રમત તરીકે ઊભરી આવ્યું અને પેરા-એથ્લેટ્સ દેશની સ્થિતિ મજબૂત કરતા રહ્યા. એટલું જ નહીં, નવા ઉભરતા ખેલાડીઓનું યોગદાન પણ ઘણું મહત્વનું રહ્યું. નીરજ ચોપરા પોતાના શ્રેષ્ઠ ફોર્મમાં ન હોવા છતાં અને વેઈટલિફ્ટિંગમાં અગાઉ કરતાં ઓછા ગોલ્ડ મળવા છતાં, ભારતીય નવી પેઢીએ આગળ આવીને કમાન સંભાળી લીધી, જેના કારણે દેશનો કુલ મેડલ ટેલી મજબૂત રહ્યો. 2030માં અમદાવાદ ખાતે શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવા જઈ રહેલા ભારત માટે આ જ સૌથી મોટો હકારાત્મક સંદેશ છે. ગ્લાસગો ગેમ્સે સાબિત કરી દીધું છે કે ભારતનો મેડલ જીતવાનો આધાર હવે વધુ વ્યાપક બની રહ્યો છે.

સ્પેશિયલ કોમેન્ટ



**જુડોમાં ઐતિહાસિક છલાંગ**

જુડો ભારત માટે બીજું મોટું હકારાત્મક પાસું બનીને ઊભરી આવ્યું. લાંબા સમયથી જેને મેડલ માટે ગૌણ રમત માનવામાં આવતી હતી, તેણે કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું. પિતાના અવસાનના થોડા જ મહિનાઓ બાદ અસ્મિતા ડેએ જીતેલો ગોલ્ડ મેડલ અને હર્ષ સિંહની ગોલ્ડન જીત દર્શાવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં આ રમતમાં ભારતે કેટલી સાતત્યપૂર્ણ પ્રગતિ કરી છે.